# “ખેતીમાં પાણી અને ઉર્જાનો કાર્યક્ષમ ઉપયોગ”

## વિષય પર ઓનલાઇન ખેડૂત તાલીમ કાર્યક્રમ

---

આણંદ કૃષિ યુનિવર્સિટી ની કૃષિ ઇજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરા ખાતે “એડવાન્સડ સેન્ટર ફોર રિસર્ચ એન્ડ ટ્રેઈનર્સ ટ્રેઈનીંગ ઓન એગ્રિકલ્ચરલ ઍંજિનિયરિંગ બેજ્ડ ઇન્ટરવેનસનસ” પ્રોજેકટ અંતર્ગત અને KISAN ના સંયુકત ઉપક્રમે “ખેતીમાં પાણી અને ઉર્જાનો કાર્યક્ષમ ઉપયોગ” વિષય પર તારીખ ૨૯/૧૦/૨૦૨૦ ના રોજ ઓનલાઇન ખેડૂત તાલીમ કાર્યક્રમ યોજયો.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ડૉ. આર. સુબ્બૈયાહ સાહેબ, આચાર્ય અને વિધ્યાશાખા અધ્યક્ષશ્રી, કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરા અને કોલેજના વિવિધ વિભાગના વડાશ્રીઓ ડૉ. જી. આર. પટેલ, સહ પ્રાધ્યાપક, આણંદ કૃષિ યુનિવર્સિટી, વસો અને વડા, ડૉ. જી. વી. પ્રજાપતિ, સહ પ્રાધ્યાપક, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ; કૃષિ ઇજનેરી અને ટેક્નોલૉજી કોલેજના અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ તેમજ તાલીમ કાર્યક્રમમાં ગુજરાતના જુદા જુદા જિલ્લામાંથી ૪૦ જેટલા ખેડૂતો હાજર રહ્યા હતા.

ડૉ. આર. સુબ્બૈયાહ સાહેબ, આચાર્ય અને વિધ્યાશાખા અધ્યક્ષશ્રી, કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરા દ્વારા ખેડૂત તાલીમાર્થીઓને કૃષિ ક્ષેત્રમાં જળ અને ઉર્જા સંરક્ષણની જુદી જુદી પધ્ધતિઓ વિષે વિસ્તૃત માહિતી તેમજ ખેતીમાં સોલરથી ચાલતા સૌર પમ્પ ના ઉપયોગ અને તેની કાર્યપદ્ધતિ વિષે માહિતી આપી હતી.

સદર તાલીમમાં ડૉ. ડી. કે. વ્યાસ, વિભાગીય વડા (આર. ઇ. ઇ.) અને સદર યોજનાના પી. આઈ. કૃષિ ઇજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરા દ્વારા “ખેતીમાં સોલર પમ્પિંગનો કાર્યક્ષમ ઉપયોગ”, ડૉ. જી. આર. પટેલ, સહ પ્રાધ્યાપક, આણંદ કૃષિ યુનિવર્સિટી, વસો દ્વારા ખેતીમાં સૂક્ષ્મ પીયત પધ્ધતિ દ્વારા પાણીનો કાર્યક્ષમ ઉપયોગ”; ડૉ. જી. વી. પ્રજાપતિ, સહ પ્રાધ્યાપક, આર. ટી. ટી. સી., જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ દ્વારા “ખેતીમાં સૂક્ષ્મ પીયત પધ્ધતિ અને મલ્ચિંગનો કાર્યક્ષમ ઉપયોગ અને ઈજ. એ. એન. કુણપરા, કૃષિ ઇજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરા દ્વારા “નબળી ગુણવત્તાયુકત પાણીથી સિંચાઇ દ્વારા પાકની ઉત્પાદકતા માં વધારો” વિષય પર વ્યાખ્યાન આપ્યા.













તાલીમના અંતે ડૉ. ડી. કે. વ્યાસ, વિભાગીય વડા (આર. ઇ. ઇ.) અને સદર યોજનાના પી. આઈ.દ્વારા આમંત્રિત મહેમાનો, KISAN ના જુદા જુદા પદાધિકારીઓનો અને ખેડૂતો તેમજ આયોજકોની આભાર વિધિ કરવામાં આવી હતી.